ગાંધીનગર સમાચાર

ફિલ્મી સ્ટંટ જેવો અકસ્માત સર્જાયો

# સેક્ટર-૨માં ડેન્ગ્યુના ચાર કેસ

## તંત્ર કહે છે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે : ડેન્ગ્યુમાં બિનસત્તાવાર આંક ૪૦ને પાર નીકળ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ માંથી ૪ કેસ ડેન્ગ્યુના મળી આવતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. જો કે તંત્રના સૂત્રો કહે છે કે એક જ કેસ મળ્યો છે.

શહેરના સે.૨માંથી ૪ કેસ ડેન્ગ્યુના મળી આવ્યા છે. જોકે ૩ કેસ ખાનગી લેબોરેટરીની તપાસમાં આવ્યા છે અને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે એક કેસ બી.જે. મેડીકલ કોલેજના પરીક્ષણમાં કન્ફર્મ થઈ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

બી.જે. મેડીકલ કોલેજમાંથી ૮ થી વધુ કેસ કન્ફર્મ થઈ આવ્યા છે. શહેરમાં બિન સત્તાવાર આંક પ્રમાણે ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૪૦ને પાર કરી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં ૩,૫,૭,૧૭ અને ૪ બાદ હવે સેક્ટર-૨ પકડાયું છે. સે. ૨ માંથી મળેલા કેસોને પગલે હવે તંત્ર હરકતમાં આવી ગયું છે. શહેરના પ્રવેશ દ્વારા ગણાતા સે. ૨માં સઘન સર્વેલન્સનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા વાહકજન્ય રોગચાળાનો મુદ્દો સામાન્ય સભામાં પણ ચમક્યો હતો અને વિપક્ષી નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ શહેરમાં વધતા જતા આ રોગચાળાને નાથવામાં તંત્ર નિષ્ફળ ગયાનો આક્ષેપ પણ કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન તંત્ર સંપૂર્ણ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવી કહી રહ્યુ છે કે છુટા છવાયા કેસો જરૂર બન્યા છે પણ રોગચાળાની સ્થિતિ નથી. વાતાવરણમાં બદલાવ પણ આ કેસ માટેનું જવાબદાર પરિબળ છે.

# ગાંધીનગર વરસાદી માહોલમાં પણ ગણેશ ભક્તિમાં લીન

### શહેરના સેક્ટરોમાં ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં મોસમના બદલાતા મિજાજ વચ્ચે સેકટરોમાં ગણેશ ભકિતનો રંગ નિખર્યો છે. શહેરમાં વિવિધ ૭ સ્થળોએ અલ્ટ્રામોર્ડન ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સેકટરોમાં પણ રહીશો વિઘ્નહર્તાની આરાધનામાં મગ્ન જોવા મળે છે. સાંજ ઢળતા જ ગણેશોત્સવની ઉજવણી અંતર્ગત વૈવિધ્યસભર કાર્યક્રમોની રંગત જામે છે. ભકિતની સાથે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળે છે.

શહેરમાં ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો છે. ભગવાન ગણેશજીની રંગેચંગે શોભાયાત્રા યોજાયા બાદ ભાવિકો ભકિતમાં તલ્લીન બની ગયા છે. રોજ બરોજ સેકટરોમાં શ્રીજીની આરતી પુજા વિધિ ઉપરાંત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહયુ છે. કેટલાક ઠેકાણે માત્ર પાંચ દિવસ માટે શ્રીજીની સ્થાપના કરવામાં આવી હોવાથી ભાવિકો સોમવારે વિસર્જન કરવા માટે ની તૈયારીમાં પણ લાગી ગયા છે. સેકટરોમાં ઘરે ઘરે પણ ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવી હોવાથી પારિવારિક માહોલમાં પણ ગણેશોત્સવની ઉજવણી પણ વિશેષ રૂપે થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં સે-૨૨ રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે રોજબરોજ રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે.આ ઉપરાંત સે- ૧૬ બ્રહ્મભવન ખાતે પણ ગણેશ ભકિતનો રંગ નિખર્યો છે.સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ સાંઈરામ દવે સહીતના નામી કલાકારો નગરજનોને મોજ કરાવી દીધી હતી.

સે- ૩ ડી તેમજ સે-૨ માં પણ ગણેશોત્સવની ઉજવણીને અનુલક્ષી રાત્રિના સમયે ભાવિકોની ભીડ જામે છે. ગણેશોત્સવની ઉજવણીને ચાર દિવસ વીતી ગયા છે. ત્યારે કેટલાક ઠેકાણે ગણેશજીની મુર્તિનુ વિસર્જન કરવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. હાલ નગરમાં શ્રાવણમાં શિવભકિત બાદ ભગવાન વિઘ્ન હર્તાની પુજાવિધિ અને ભકિત માટે શ્રધ્ધાળુઓમાં ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે.

# ફિલ્મી સ્ટંટ જેવો અકસ્માત મોડી રાત્રે ઘ-૩ પાસે સર્જાયો

### અર્ટીગા કારનું ટાયર ડીવાઈડર પર ચઢી ગયા બાદ ફંગોળાઈને હવામાં પલ્ટી મારી કાર એક ઝાડના થડની ઉપર ટકરાઈને નીચે પછડાઈ : સદનસીબે કોઈ જાનહાની નહીં : ત્રણ ઘાયલ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના માર્ગને ફાસ્ટ એન્ડ ફયુરીયર્સમાં રેસીંગ માટે બનાવેલો માર્ગ સમજીને પાટણ બાજુનાં પાંચેક મિત્રો ગઈ મોડી રાત્રે અર્ટીગા કાર લઈને બેફામ ગતિએ નીકળ્યા હતાં. ચ-૩ થી ઘ-૩ તરફ આવતા અચાનક ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર ડીવાઈડર પર ચઢીને હવામાં ફંગોળાઈને પલ્ટી મારી ઝાડની ઉપર ટકરાઈને નીચે પટકાઈ હતી. આબેહુબ હોલીવુડની કોઈફિલ્મના સ્ટટ જેવું દશ્ય ઘ-૩ પાસે સર્જાયું હતું. આ ઘટનામાં ત્રણ મિત્રો ઘવાયા હતાં. જો કે સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. સુત્રોનું માનીએ તો કારમાં બેસેલા તમામ યુવાન મિત્રો ચિક્કાર દારૂ પીને બેસેલા હતાં.

શનિવારે રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં ત્રણ નંબરના માર્ગ પર ચ-૩ થી ઘ-૩ તરફ અર્ટીગા ગાડીમાં પાંચેક મિત્રો જઈ રહ્યા હતાં. એકશન ફિલ્મના સ્ટંટ ચાલતા હોય તે સ્પિડે નિકળેલા આ યુવા મિત્રોની ગાડી ઘ-૩ સર્કલ આવે તે પહેલા જ હવામાં એક ગુલાંટ મારી ઝાડ ઉપર ટકરાઈ હતી. ગાડી ચલાવી રહેલા યુવાને કાબુ ગુમાવતા સર્જાયેલા અકસ્માતનું દશ્ય અસ્લ કોઈ ફિલ્મી સ્ટંટ જેવું હતું...! ભયંકર અવાજ સાંભળીને આસપાસ રહેતા વસાહતીઓ પણ રસ્તા પર દોડી આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુરની મહિલાને સ્વાઈન ફ્લુ !

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર નગરમાંથી એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ સિઝનમાં આ પાંચમો કેસ મળી આવ્યો છે. ૪ નગરપાલિકા વિસ્તારના અને ૧ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાંથી મળી આવેલ છે. ૪ કેસો નગરપાલિકા વિસ્તારોમાંથી મળ્યા છે તે પણ નોંધનીય છે. કલોલ શહેરમાંથી સૌથી વધુ ૩ કેસ મળ્યા છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પેથાપુર જૈન દેરાસર વિસ્તારમાંથી ૬૫ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો છે અને તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

**સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ**
**જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસ પાંચ થયા**

મળતી વિગતો મુજબ જિલ્લામાંથી મળી રહેલા છુટા છવાયા સ્વાઈન ફ્લુના કેસોને પગલે તંત્રએ અત્યાર સુધીમાં ૩ હજાર જેટલા મકાનોનો સર્વેલન્સ કરેલ છે. તેમજ જે દર્દીઓ મળી આવ્યા છે.

આરોગ્ય તંત્ર સ્વાઈન ફ્લુને લઈ લોકોમાં જાગૃતિ આવે તે માટે ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવાની વ્યુહરચના વિચારી રહેલ છે. તાજેતરમાં રાજ્યના આરોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

# નવરાત્રી પૂર્વે અર્ધવાર્ષિક પરીક્ષા

અમદાવાદ, તા.૨૦

રાજયની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની તમામ શાળાઓમાં પરીક્ષાઓ પાંચમી ઓક્ટોમ્બરથી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં માધ્યમિક વિભાગમાં ધોરણ ૯ અને ૧૦ તેમજ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રથમ શૈક્ષણિક સત્ર પૂર્ણ થવા પર છે. ત્યારે આ શૈક્ષણિક સત્રને અંતે લેવામાં આવતી અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી પહેલા લેવાની જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અર્ધવાર્ષિક પરીક્ષાઓ પાંચમી ઓક્ટોબરથી કરવામાં આવનાર છે. શિક્ષણ બોર્ડના વાર્ષિક કેલેન્ડરમાં પણ પ્રથમ સત્રથી પરીક્ષાઓ પાંચમી ઓક્ટોબર શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલ

અમદાવાદ,તા. ૨૦

પાટીદાર અનામત એકતા રેલી યોજવાની મંજુરી ન અપાયા બાદ રેલી યોજવાના પ્રયાસ કરતા હાર્દિક પટેલની ધરપકડ પછી ગઈકાલે ગુજરાતના ઘણા ભાગોમાં હિંસક વિરોધ પ્રદર્શન અને તોફાની ફાટી નિકળ્યા બાદ આજે સંપૂર્ણ શાંતિ રહી હતી. આજે રાજ્યના કોઈપણ ભાગમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યા ન હતા. કોઈપણ જગ્યાએ વિરોધ પ્રદર્શન પણ થાય ન હતા. જ્યાં વધારે હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા તે સૂરત, રાજકોટ અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં આજે બિલકુલ શાંતિ રહી હતી. સુરતમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. બીજા ભાગોમાં પણ પોલીસ કાફલો તૈનાત રહ્યો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા પોલીસ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. અર્ધલશ્કરી દળો પણ ઘણી જગ્યાઓએ આજે પણ ગોઠવાયેલા રહ્યા હતા. બીજી બાજુ પોલીસ ટુકડી કોઈપણ પ્રકારની અફવા ન ફેલાય તે માટે પણ સક્રિય દેખાઈ હતી. આજે ઈન્ટરનેટ સેવા ફરી શરૂ કરી દેવામાં આવી હતી. અમદાવાદ, ગાંધીનગર, વડોદરાનો સમાવેશ થાય છે. અન્ય ભાગોમાં પણ મોડેથી આ સેવા શરૂ કરવામાં આવી રહી છે. સુરતમાં આવતીકાલે મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરી દેવામાં આવનાર છે.

## બેસણું



સ્વ.માવજીભાઈ જેંસીગભાઈ પટેલના ધર્મપત્ની રેવાબેન માવજીભાઈ પટેલ તા.૧૯/૯/૨૦૧૫ના રોજ અક્ષરધામ નિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૧/૯/૨૦૧૫ના રોજ નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

સ્થળ : જે.એસ.મહેતા હાઈસ્કૂલ હોલ, ધનસુરા, જિ.અરવલ્લી.
સમય : સવારે ૯ થી બપોરના ૨ કલાક સુધી.

લિ.

પટેલ સુરેશભાઈ વિરમભાઈ
પટેલ વિનોદભાઈ વિરમભાઈ
પટેલ ધીરજભાઈ વિરમભાઈ
પટેલ જયાબેન માવજીભાઈ (સી.ડી.પી.ઓ, ધનસુરા તા.પંચાયત)
પટેલ પ્રેમીલાબેન માવજીભાઈ


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE BATH FITTINGS — DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ટચુકડી જાહેર ખબર**
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



**ડેન્ગ્યુ તાવનો મચ્છર આપનો દુશ્મન !**
ડેન્ગ્યુ તાવ એડીસ મચ્છરો દ્વારા ફેલાય છે, આ મચ્છરો દિવસે જ કરડે છે.
સાવચેતીમાં જ સમજદારી ! આપણી સલામતી આપણા હાથમાં
• શરીરના અંગોને ઢાંકી રાખે તેવા કપડાં પહેરી રાખો, ડેન્ગ્યુ રોગ ફેલાવતા મચ્છરો દિવસે કરડતા હોવાથી દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો, મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવો.
• આ પ્રકારના મચ્છર ઘરમાં જ્યાં પણ જમા થયેલ પાણી હોય ત્યાં ઉત્પન્ન થાય છે માટે ઘરમાં રહેલા પાણીના ખુલ્લા વાસણોને હવાચૂસ્ત ઢાંકણથી બંધ રાખો.
• અઠવાડિયામાં બે થી ત્રણ વખત ટાંકી, કુલર, રેફ્રિજરેટરની ટ્રે, ફુલદાની તથા પક્ષીકુંજનું પાણી ખાલી કરી અંદરની સપાટી સાફ કરીને સૂકવી દો.
• શાળાના વિદ્યાર્થીઓએ શરીરના હાથ પગના ભાગ ઢંકાઈ જાય તેવા કપડા પહેરવા જોઈએ.
ડેન્ગ્યુ તાવના મચ્છરની ઉત્પત્તિને અટકાવો !!!
**રોગ ના લક્ષણો**
તાવ આવે, આંખની પાછળના ભાગમાં દુઃખાવો થવો, શરીર પર અને આંખમાં લાલ ચકામા પડે, નાકમાંથી લોહી પડે, માથાનો દુઃખાવો તથા ઉલ્ટી ઉબકા થવા અને સ્વાદ પરખની ક્ષમતા ઓછી થવી, મોઢું સૂકાઈ જાય કે શ્વાસોચ્છવાસ તકલીફ થવા જેવા ગંભીર લક્ષણો દેખાય.
તાવના ચોક્કસ નિદાન માટે લોહીની તપાસ કરાવવી જરૂરી છે.
**રોગનું નિદાન થયા બાદ**
નિષ્ણાત ડૉક્ટરની સલાહ મુજબ સારવાર લેવી. આરામ કરવો અને પુષ્કળ માત્રામાં પ્રવાહી લેવું.



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com